# ઉર્જા ભરતી કૌભાંડ : ધનસુરા હાઈસ્કુલનો શિક્ષક સકંજામાં, અનેક રાજ ખુલશે

## બાયડ, ધનસુરા તાલુકાના રપથી વધુ ઈસમોની સંડોવણી, રાજકીય પક્ષોના કાર્યકરો સુધી રેલો પહોંચ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫ ઉર્જા ભરતી કૌભાંડમાં અરવલ્લી પોલિસના સકંજામાં આવેલા ધનસુરા હાઈસ્કુલના શિક્ષક અરવિંદ એમ. પટેલ અનેક રાજ ખોલી શકે છે. આવનારા દિવસોમાં તા.૨૬ જાન્યુઆરી સુધી ધરપકડનો દોર ચાલી રહ્યો છે. અગાઉ ગૌણ સેવા પસંદગી મંડળનું પ્રશ્નપત્ર લીક થયા પછી સાબરકાંઠા પોલિસે ૩૨ જણની અટકાયત કરી અને મોટા માથાઓના નામ બહાર આવે તેવી વકી હતી તે સમયે જ છેલ્લા ૩ વર્ષથી ઉર્જા વિભાગમાં ચાલતા ભરતી કૌભાંડ ખુલ્લુ પાડવાનું આયોજન એક યોજનાબદ્ધ ટેકનિક હોવાનું જાણવા મળ્યું છે. હેડક્લાર્ક વર્ગ-૩ પરીક્ષાના કૌભાંડમાંથી નજર હટાવવા માટેનો આ એક પ્રયાસ તો નથી ને ? તેવી ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. કોઈપણ વિભાગમાં ભરતી કૌભાંડ હરગીજ ચલાવી ન લેવાય પરંતુ જે રીતે અગાઉની ભરતીના કૌભાંડનો પર્દાફાશ થયો છે તે જોતાં યોગ્ય ભેજાનો ઉપયોગ થયાની સંપૂર્ણ સંભાવના છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો ભરતી પ્રકરણ અને પેપરલીક પ્રકરણમાં ફરી એકવાર બદનામીની ટોચ ઉપર આવ્યો છે. છેલ્લા કેટલાંય સમયથી સરકારી નોકરી માટે તનતોડ મહેનત કરતા બેરોજગાર ઉમેદવારોના ભવિષ્ય ઉપર પોતું ફેરવનારા કોઈપણ ચમરબંધી હોય તેમને બક્ષવા ન જોઈએ. પરંતુ જે રીતે તપાસના નામે પણ ખીસાં ભરવાના ખેલ વર્ષોથી ચાલ્યા આવ્યા છે. તે જોતાં બેરોજગાર ઉમેદવારોને સરકાર હોય કે પછી તપાસ ટીમ હોય તેમાંથી કોઈના ઉપર પણ જરાંય ભરોસો રહ્યો નથી. ૩ વર્ષ અગાઉ શિક્ષક બનવા માટેની લાયકાત મેળવવાની ટાટ પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થયા પછી મોડાસા ટાઉન પોલિસ સ્ટેશનમાં ફરીયાદ પણ નોંધવામાં આવી પરંતુ જે તે સમયે ઉચ્ચ પોલિસ અધિકારીઓએ તપાસના નામે અનેકને બોલાવી શું કર્યું ? તે આજદિન સુધી ઉઘાડું થયું નથી અને તેમાં શું રંધાયું ? તે અહિ લખવાની જરૂર નથી. ગાંધીનગર સમાચારના ચકોર વાંચકો બધું જ સમજી ગયા છે. જિલ્લામાં ટાટ કે પછી એલ.આર.ડી. પ્રશ્નપત્ર લીકના મામલામાં એકનાં એક કાટલાંના નામ બહાર આવે છે અને પછી સમય જતાં બધું ભૂલી જવામાં આવે છે. ભરતીમાં ભ્રષ્ટાચાર અને પેપર લીક કરનારાઓ સામે પ્રજા નોંધ લે તે પ્રકારની સજા સરકાર કરશે તો જ સરકાર ઉપર બેરોજગારોનો વિશ્વાસ ટકી રહેશે અન્યથા ભાજપ યુવા મતદારોને પોતાની મતબેન્ક માને છે પરંતુ અનેક બેરોજગારો વારંવાર પેપરલીક થવું. તપાસના નામે નૌટંકી કરવી અને પછી સમય જતાં કશું જ બહાર ન આવે આ એક રૂટીન પ્રથા થઈ ગઈ છે જેથી ભાજપ તરફી અનેક યુવ બેરોજગાર મતદારો ઝડપથી મોં ફેરવી રહ્યા છે અને આગામી ચુંટણીમાં અમે ભાજપને મત આપવા કરતા નોટામાં મત આપી અમારો રોષ ઠાલવીશું તેવું જગજાહેર બોલી રહ્યા છે. ઉર્જા વિભાગ ભરતી પ્રકરણમાં એક પછી એક અનેક નામોની ગૂંજ સામે આવતા કેટલાંક શંકાસ્પદ અંડરગ્રાઉનડ થઈ ગયા છે. પરંતુ ઉર્જા વિભાગના ભરતી કૌભાંડમાં બાયડ, ધનસુરામાં એવા ચોંકાવનારા નામો બહાર આવશે કે પ્રજાએ તેની કલ્પનાસુદ્ધ કરી નહિ હોય. વિદ્યાર્થી આગેવાન યુવરાજસિંહ જાડેજાએ છેલ્લા ૩ વર્ષથી ઉર્જા વિભાગમાં હાઈટેક ભરતી કૌભાંડ ચાલતું હોવાનો પર્દાફાશ કરી મીડિયા સમક્ષ કેટલાંક નામ રજુ કર્યા હતા. પરંતુ અમુક નામ અધકચરા હોવાથી કેટલાંક ગામમાં ભળતા નામના યુવાનને ભરતી કૌભાંડનો સુત્રધાર ગણાવી રહ્યા છે. આગામી ૪૮ કલાકમાં ઉર્જા વિભાગમાં રાખો રૂપિયા આપીને કયા ઉમેદવારોએ નોકરી મેળવી, તેમાં કેટલા શિક્ષકો રાજકીય પક્ષના કાર્યકરો સંડોવાયેલા છે તેની વિગતો પ્રકાશમાં આવે તેવી સંભાવના છે.

### શિક્ષક અરવિંદ પટેલનું નિવેદન નોંધી પોલીસે મુક્ત કર્યા

બાયડ : ઉર્જા વિભાગમાં કથિત ભરતી કૌભાંડમાં વચેટીયા હોવાનો વિદ્યાર્થી આગેવાન યુવરાજસિંહ જાડેજાએ આરોપ લગાવ્યા પછી ધનસુરા હાઈસ્કુલના શિક્ષક અરવિંદ એમ. પટેલને અરવલ્લી પોલીસ તપાસ માટે શાળામાંથી લઈ ગઈ હતી. જ્યાં નિવેદન નોંધ્યા પછી પોલીસે મુક્ત કર્યાનું જાણવા મળ્યું છે. પોતાના પરના તમામ આરોપ પાયા વિહોણા હોવાનું પણ મીડીયા સમક્ષ જણાવ્યું છે.



### અવધેશ પટેલ સામે ચાલીને પોલીસ સમક્ષ હાજર, નિવેદન નોંધાવ્યું

બાયડ : પેપર લીક પ્રકરણમાં ધનસુરાના રાજકીય પક્ષના યુવા અગ્રણી અવધેશ પટેલનું નામ પણ ઉછળ્યું હતું. બુધવારે બપોરે અવધેશ પટેલ સામે ચાલીને અરવલ્લી પોલીસ સમક્ષ હાજર થયા અને પોતાનું નિવેદન નોંધાવ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની કિન્નાખોરીમાં પોતાને બદનામ કરવાનો પ્રયાસ જણાવી બદનામ કરનારા સામે કાનૂની કાર્યવાહી કરવાની ધમકી આપી છે.

### અરવલ્લી પોલિસની અગાઉની તપાસ શંકાના દાયરામાં

૩ વર્ષ અગાઉ શિક્ષક બનવા માટેની ટાટ પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થયું ત્યારે અરવલ્લી પોલિસે જે તપાસ કરી હતી તે તપાસ જ ફરી એકવાર શંકાના દાયરામાં આવી ગઈ છે. બાયડ, ધનસુરા, મોડાસા સહિતના અનેકને પોલિસ દ્વારા સી.આર.પી.સી.૧૭૪ મુજબ નિવેદન માટે બોલાવ્યા હતા અને તે સમયે અનેક પ્રકારની લોકચર્ચા છેડાઈ હતી. ત્યારે અરવલ્લી પોલિસ વડા સંજય ખરાત દ્વારા પાછલાં ૩-૪ વર્ષમાં પેપરલીક પ્રકરણમાં જેમની સામે પોલિસે તપાસ કરી, નિવેદનો નોંધ્યા હતા તે પોટલાં ઉતારીને તપાસ થાય તો અનેક ચોંકાવનારા ખુલાસા થવાની સાથે કેટલાંક પોલિસ અધિકારીઓના પગ નીચે રેલો આવી શકે છે.

### યુવરાજસિંહ જાડેજાએ જાહેર કરેલા વચેટીયા-વિદ્યાર્થીઓના નામ

**વચેટીયા** - અરવિંદ પટેલ, પ્રજાપતિ, શ્રીકાંત શર્મા-બરોડા, અજય પટેલ-ટ્યુશન કલાસિસ, હર્ષદ નાયી-શિક્ષક-સી.આર.સી.

**વિદ્યાર્થીઓ** - ગાયત્રી પટેલ, ધવલ પટેલ, કૃષાંગ પટેલ, હિતેશ પટેલ, કેતુલ પટેલ, રજનીશ પટેલ, પ્રિયમકુમાર દિનેશભાઈ, આંચળ રાહુલભાઈ પટેલ, રાહુલભાઈ રાજેશભાઈ પટેલ, પ્રદિપકુમાર કાન્તિભાઈ પટેલ, બાબુભાઈ કૃષ્ણાભાઈ પટેલ, જીગીશા નારાયણભાઈ પટેલ, ધ્રુવ પટેલ

### શિક્ષક અરવિંદ પટેલએ રાગ આલાપ્યો, હું સંડોવાયેલો નથી

ધનસુરા હાઈસ્કુલના શિક્ષક અરવિંદ પટેલને અરવલ્લી પોલિસ તપાસ માટે લઈ જતાં સમગ્ર શિક્ષક આલમમાં સનસનાટી મચી ગઈ જ્યારે અરવિંદ પટેલએ નિવેદન આપ્યું છે કે, ઉર્જા વિભાગના ભરતી કૌભાંડમાં ક્યાંય પણ સંડોવાયેલો નથી. હવે બહારની તપાસ એજન્સીઓ મારફતે જ સમગ્ર પ્રકરણની તપાસ થાય તો બહાર આવશે અન્યથા આ મામલામાં સમય જતાં ૫-૧૦ ની ધરપકડ, ત્યારબાદ જામીન અને ત્યા પછી બધું જ ભુલાઈ જશે.

---

# કુછ ભી હો નશા ચાહીયે..!! જિલ્લામાં નશા માટે કફ સીરપના ઉપયોગની આશંકા

## બસ મથકોમાં સીરપની ખાલી બોટલોએ સૌને ચોંકાવ્યા

બાયડ તા.૦૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દેશી-વિદેશી દારૂ સાથે માદક દ્રવ્યોનો ઉપયોગ સામાન્ય બની ગયા પછી હવે નશા માટે બંધાણીઓ કફ સીરપની બોટલો ગટગટાવતા હોવાની આશંકા વ્યક્ત થઈ છે. જિલ્લાના બસ મથકો તેમજ શૌચાલયોના સ્થળે ખાલી કફ સીરપની બોટલોએ સૌને ચોંકાવી દીધા છે. વિદેશી દારૂ અથવા અન્ય કોઈ માદક દ્રવ્ય ખરીદવા જતાં પોલીસના હાથે ઝડપાઈ જવાની પૂરી શક્યતાઓને કારણે મંદ નશો કરવા માટે ટેવાયેલા બંધાણીઓ કફ સીરપની બોટલ ગટગટાવી નશો કરતા હોવાનું ચર્ચાઈ રહ્યું.

જિલ્લામાં શિયાળાની કડકડતી ઠંડી શરૂ થતાં સાથે તમામ વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની માંગમાં ઉછાળો આવ્યો છે. દારૂની બદી ઉપર રોક લગાવવા માટે ઉચ્ચ કક્ષાએથી પોલીસને આદેશ અપાતાં થર્ટી ફર્સ્ટની ડ્રીમ પાર્ટીઓ કરવા જતાં અનેક લોકો પોલીસની ઝપટે ચઢ્યા છે છતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં માગો તે બ્રાન્ડનો વિદેશી દારૂ આસાનીથી મળી રહ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી નશો કરવા માટે ટેવાયેલા લોકોને નશામાં હજુ કશું ખુંટતું હોય તેમ જણાતાં અવનવા અખતરા થવા લાગ્યા છે. જિલ્લામાં અત્યાર સુધી નશા માટે દેશી-વિદેશી દારૂ, ગાંજાનો ઉપયોગ થતો હતો પરંતુ કેટલાક બંધાણીઓ હવે મંદ નશા માટે કફની દવાનો ઉપયોગ કરી રહ્યા છે. આંખોમાં ગેન લાવવાની સાથે કફ દૂર કરતી દવા ગટગટાવવાથી મંદ નશો થતો હોવાથી બંધાણીઓ કફ સીરપ ગટગટાવી રહ્યા છે. જ્યારે દારૂ, ગાંજો કે અન્ય માદક દ્રવ્યો ખરીદવા જતાં પોલીસના હાથે પકડાઈ જવાની સંભાવના રહેતી હોય છે જેના કારણે મેડીકલ સ્ટોર્સ ઉપરથી આસાનીથી મળતી કફ સીરપ ખરીદી બંધાણીઓ નશામાં ગરકાંવ થતા હોવાની પ્રબળ સંભાવના બની છે કેમ કે જિલ્લાના એસ.ટી. બસ મથકો તેમજ જાહેર શૌચાલયોના સ્થળેથી રોજ ખાલી કફશીરપની બોટલો જોવા મળતી હોવાથી નશા માટે થઈ રહેલા કફ સીરપના ઉપયોગે સૌ કોઈને ચોંકાવી દીધા છે. એસ.ટી. બસ મથકમાં શૌચાલય સ્થળોએ તેમજ અન્ય સ્થળે પણ સીરપની ખાલી બોટલોએ રહસ્ય સર્જ્યું છે. એસ.ટી. બસ મથકોમાં સફાઈ દરમ્યાન પણ ચોક્કસ ફાર્મા કંપનીની કફ સીરપની સમયાંતરે ખાલી બોટલો મળતી હોવાની બાબતને દબાતા સ્વરે સમર્થન મળવા લાગ્યું છે.

# ઉત્તર ગુજરાતમાં ચણામાં સારા વાવેતરથી પ્રજામાં ખુશાલી

## ૫ જિલ્લામાં ૬૪,૪૫૦ હેક્ટર જમીનમાં ચણાનું વાવેતર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ઉત્તર ગુજરાતમાં અનેક વર્ષોમાં ચણાના ભાવમાં મંદીનો પવન ફૂંકાતાં ખેડૂતોની માઠી દશા થતી હતી પરંતુ હવે ચણાના પાકના યોગ્ય ભાવ મળતાં ખેડુતો ચણાની ખેતી માટે ઉત્સાહિત બન્યા છે. આ વર્ષે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૬૪,૪૫૦ હેક્ટર જમીનમાં ચણાના પાકનું વાવેતર થયાનું જાણવા મળ્યું છે.

આ વર્ષે રવી સીઝનની ખેતીના આરંભ સાથે ખેતી માટે વિષમ પરિસ્થિતિઓ છતાં ઉત્તર ગુજરાતમાં ખેડૂતોએ વિવિધ ધાન્ય પાકો તેમજ કઠોળ પાકનું વાવેતર કર્યું છે તેમાંય હમણાંથી અનુકુળ ઠંડીનો માહોલ જામતાં ઓણસાલ રવી પાકમાં બમ્પર ઉત્પાદનની આશા ખેડૂતોએ રાખી છે આ વર્ષે પણ ચણાનું એકંદરે સારું વાવેતર અને પાકને અનુકૂળ ઠંડી હોવાથી મબલક ઉત્પાદનની આશા બંધાઈ છે. કેન્દ્રમાં ભાજપની સરકાર આવ્યા પછી ખેડૂતોને ખેતપેદાશના પોષણક્ષમ ભાવ મળવા લાગ્યા છે. કેન્દ્ર સરકારે પણ વધુમાં વધુ પ્રમાણમાં કઠોળ વાવે તે રીતે પ્રોત્સાહિત કરાતા તેના સારા પરિણામાં મળવા લાગ્યા છે. ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને આદિવાસી ખેડૂતો આકાશી ખેતી ઉપર નભતા આવ્યા છે અને ખાસ કરીને શિયાળામાં ચણાના વાવેતર ઉપર તેમનો મોટો મદાર રહેતો હોય છે પરંતુ વર્ષોથી ભાવ તળીયે જતાં ખેડૂતો ચણાની ખેતીથી વિમુખ થવા લાગ્યા છે. પરંતુ હવે એકંદરે સારા ભાવથી ચણાની ખેતીમાં વધારો થઈ રહ્યો છે. ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચણામાં મંદીને કારણે સીઝનમાં ૬૪,૪૫૦ હેક્ટર જમીનમાં ચણાનું વાવેતર થયાનું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે.

# દેસાઈપુરા કંપામાં ઈજાગ્રસ્ત મોર મળી આવતાં રેસ્ક્યુ કરાયું

બાયડ, તા. ૫

બાયડ તાલુકાના દેસાઈપુરાકંપામાં રવિવારે ખેતરમાં ઈજાગ્રસ્ત મોર મળી આવતાં ખેડૂતે વગડો ચેરીટેબલ ટ્રસ્ટની મદદથી ઈજાગ્રસ્ત રાષ્ટ્રીય પક્ષીનું રેસ્ક્યુ કરી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી પરંતુ પગ અને શરીરના ભાગે ઈજા ગંભીર હોવાથી વધુ સારવાર માટે મોડાસા પશુ ચિકિત્સાલયમાં મોક્લવામાં આવ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર પરોઢે ગાત્રો થીજવતી ઠંડીના કારણે મોર સહિતના વધુ વજન ધરાવતા પંખીઓ ઉડાણ ભરવામાં મુશ્કેલી અનુભવે છે અને શિકારી કૂતરાંની ઝપેટમાં આવી ઈજાગ્રસ્ત બને છે. બાયડ તાલુકાના દેસાઈપુરાકંપાના ખેડૂત રીતેષભાઈ પટેલ રવિવાર સવારે ખેતરમાં ગયા ત્યારે મોરને કણસતો જોયો. તાબડતોબ ગામના અન્ય મિત્રોને બોલાવ્યા ઈજાગ્રસ્ત મોરને કોઈપણ ભોગે બચાવી લેવાનો નિર્ણય કર્યો સાઠંબા સ્થિત વગડો ચેરીટેબલ ટ્રસ્ટને ઈજાગ્રસ્ત મોર અંગે જાણકારી આપી અને ગણતરીની મીનીટમાં ટીમ આવી પહોંચી. પગના ભાગે થયેલી ઈજાની સારવાર પછી વધુ સારવારની જરુર જણાતાં વન વિભાગને જાણ કરવામાં આવી અને ત્યારબાદ ઈજાગ્રસ્ત મોરને મોડાસા વધુ સારવાર માટે મોક્લવામાં આવ્યો છે. બાયડ તાલુકાના માધવકંપા, ડેમાઈ, રમોસ, ભૂખેલ પંથકમાં ઈજાગ્રસ્ત મોરના રેસ્ક્યુ કરીને બચાવી લેવાયા છે. ત્યારે વધુ એક રાષ્ટ્રીય પક્ષી મોરને સ્થાનિક ખેડૂતની જાગ્રતતાના કારણે જીવતદાન મળ્યું છે.



# સાબરકાંઠા જિલ્લામાં નવા ૩૮,૮૯૪ મતદારો નોંધાયા

બાયડ તા.૫

ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ તા. ૧/૧/૨૦૨૨ ની લાયકાતની તારીખ ના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૨ કાર્યક્રમ અંતર્ગત તા. ૧/૧૧/ ૨૦૨૧ થી તા. ૫/૧૨/૨૦૨૧ સુધી સ્વીકારવામાં આવેલ હક-દાવા વાંધા અરજીઓની તૈયાર થયેલ સંકલિત મુદ્દાસર મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ તા.૫/ ૧/૨૦૨૨ ના રોજ ચૂંટણી પંચે નિયત કરેલ સ્થળોએ કરવામાં આવી છે.

મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની વય જૂથના ૨૯૬૦૬ મતદારો નોંધાયેલું છે. જેથી નવીન પ્રસિદ્ધ થયેલ મતદાર યાદી મુજબ સાબરકાંઠા જિલ્લામાં ૫૬૧૦૩૭ પુરુષ મતદારો, ૫૩૩૧૨૨ સ્ત્રી મતદારો અને ૩૧ અન્ય જાતિના મતદારો મળી કુલ ૧૦૯૪૧૯૦ મતદારયાદીમાં નોંધાયેલ છે તેમજ નવીન ઈ.પી.રેશીયો ૬૪.૮૫ ટકા, નવીન જેન્ડર રેશીયો-૯૫૦ થયો છે. નવીન પ્રસિદ્ધ થયેલ મતદારયાદી ચૂંટણીપંચે નિયત કરેલ સ્થળોએ જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવેલ છે. નવીન પ્રસિદ્ધ થયેલ મતદાર યાદી https://ceo. gujarat. gov.in વેબ સાઈટ પરથી જોઈ શકાશે.

આ કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ ૨૭ હિંમતનગર વિધાનસભા મતવિસ્તારમાં ૭૭૪૫, ૨૮ ઈડર, ૯૬૧૩, ૨૯ ખેડબ્રહ્મા ૧૩૩૦૨ અને ૩૩ પ્રાંતિજ વિધાનસભા મતવિસ્તારમાં ૮૨૩૪ મળી કુલ ૩૮,૮૯૪ નવા મતદારો નોંધાયા.


**ટચુકડી** ફોન : ૨૩૨૨૨૫૭૧

**જાહેર ખબર** ગાંધીનગર સમાચાર દર ગુરુવારે-રવિવારે


## ભિલોડા તાલુકા જેવી ઘટના બને તો જવાબદારી કોની..??

# મેઘરજ તાલુકામાં એસ.કે.-૩ યોજના હેઠળ તૈયાર સંપનાં ઢાંકણ ગાયબ

### ઢાંકણ ચોરાતાં શુદ્ધ પાણી પહોંચાડવાનો આશય મરી પરવાર્યો..!! : ટ્રાયબલ વિસ્તારમાં સરકારી સંપત્તિની સુરક્ષા અદ્ધરતાલ

બાયડ, તા. ૫

મેઘરજ તાલુકાના ગામડાઓમાં એસ.કે.-૩ યોજના હેઠળ બનાવાયેલા સંપનાં ઢાંકણ ગાયબ થયાં છે. તાલુકામાં કરોડોના ખર્ચે ૨૦૦ થી વધુ સંપ તૈયાર કરવામાં આવ્યા છે પરંતુ ચોક્કસ તત્વો દ્વારા ઢાંકણ ચોરી જવાતાં શુદ્ધ પાણી પહોંચાડવાનો આશય મરી પરવાર્યો છે. તાજેતરમાં જ ભિલોડાના ગ્રામ્ય વિસ્તારમાં પાણીમાં ઝેરી દવા નાખવાનું અધમ કૃત્ય સામે આવ્યું હતું. ત્યારે ખુલ્લાં ઢાંકણના કારણે આવી ઘટનાઓ બને તો જવાબદારી કોની..?? ટ્રાયબલ વિસ્તારમાં સરકારી સંપત્તિની સુરક્ષા અદ્ધરતાલ બની છે.

રાજ્ય સરકાર દ્વારા અંતરીયાળ ગામડાઓમાં પ્રજાને પીવાનું શુદ્ધ પાણી આપવાના આશય સાથે પાણી પુરવઠા વિભાગની વિવિધ જૂથ યોજનાઓ અમલમાં મૂક્વામાં આવી છે. એસ.કે.-૩ યોજના હેઠળ ગામડાઓમાં પ્રજાને પીવાનું શુદ્ધ પાણી આપવાનો આશય સિદ્ધ થતાં પ્રજાને નળ દ્વારા પાણી મળવા લાગ્યું છે પરંતુ મેઘરજ તાલુકાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં એસ.કે.-૩ યોજના હેઠળ સંપ તૈયાર કરી પાણી ગામડાઓ સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે પરંતુ ખાંડીવાવ સહિતના અનેક વિસ્તારોમાં કરોડોના ખર્ચે તૈયાર જૂથ યોજનાના સંપ ઉપરનાં ઢાંકણાં ગાયબ થવા લાગ્યાં છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા સંપ તૈયાર કરી ગ્રામ પંચાયત તેમજ પાણી સમિતિને સુપ્રત કરવામાં આવ્યા છે પરંતુ સંપનું કોઈ રણીધણી ન હોવાના કારણે એક પછી એક ઢાંકણ ચોરાવવાની ઘટનાઓ સામે આવી રહી છે. ઢાંકણ ચોરાતાં પીવાના પાણીમાં અશુદ્ધિ ભળવાની સંભાવના છતાં ગ્રામ પંચાયતના જવાબદારો આંખ આડા કાન કરી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ગામડાઓમાં એસ.કે.-૩ યોજનાના સંપ ઉપરથી ઢાંકણ ચોરનારી ગેંગ સક્રીય થઈ છે જેથી પોલીસ દ્વારા તેની તપાસ થવી જોઈએ.



### પાણી પહોંચતું કર્યા પછી અમારી જવાબદારી પૂરી : ડી.ઈ.

મેઘરજ તાલુકાના ગામડાઓમાં એસ.કે.-૩ યોજનાના સંપ ઉપરથી ઢાંકણ ગાયબ થવા અંગે ડી.ઈ. નસરુલ્લા ડોડીયાએ જણાવ્યું કે જૂથ યોજનાનું પાણી સંપ સુધી પહોંચતું કર્યા પછી અમારી જવાબદારી પૂરી થઈ જાય છે. સંપની દેખરેખ જે તે ગ્રામ પંચાયત અને પાણી સમિતિએ કરવાની હોય છે.

### કોન્ટ્રાક્ટરોના વાહનોમાં ફરતા અધિકારીઓ, ઉચ્ચ કક્ષાએથી તપાસ કરો

જિલ્લાના પાણી પુરવઠા વિભાગમાં કરોડોનો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. કોન્ટ્રાક્ટરોના વાહનોમાં અનેક ભ્રષ્ટ અધિકારીઓ ફરતા જોવા મળ્યા છે ત્યારે ગુજરાતની નવી સરકાર દ્વારા જિલ્લામાં કરોડોના ખર્ચે થયેલા પાણી પુરવઠાના કામોની તપાસ થાય તો કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મીલીભગતનો પર્દાફાશ થશે.